ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ:- 01 તા. 21-04-2021

## ટીમ વડોદરા અને ફ્રિડમ ગૃપ દ્વારા આયોજીત પ્લાઝમા ડોનેશન કેમ્પની પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર પાટીલે મુલાકાત લીધી.

-------------

## કોરોનાનાં દર્દીઓ માટે પ્લાઝમા થેરાપી આશીર્વાદ સમાન છે: શ્રી સી.આર. પાટીલ

-------------

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.૨૧.૦૪.૨૦૨૧ના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ શતાબ્દી એક્સપ્રેસ દ્વારા વડોદરા શહેરની મુલાકાતે ગયાં હતાં. શહેર આગેવાનો દ્વારા તેમનો સ્વાગત કરવામાં આવ્યો.

શ્રી સી.આર. પાટીલે વડોદરામાં ટીમ વડોદરા અને ફ્રિડમ ગૃપ દ્વારા આયોજીત પ્લાઝમા ડોનેશન કેમ્પની મુલાકાત લીધી. પ્લાઝમા ડોનેટ કરનાર સૌને અભિનંદન પાઠવ્યા હતાં.

શ્રી પાટીલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોરોનાનાં દર્દીઓ માટે પ્લાઝમા થેરાપી આશીર્વાદ સમાન છે. જેમને કોરોના થઇ ગયો છે એવા દર્દીઓ જો પ્લાઝમા ડોનેટ કરે તો કોરોનાના દર્દીઓનું જીવન બચી શકે છે.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ, વડોદરા શહેર પ્રમુખ શ્રી વિજયભાઇ શાહ, ગુજરાતના મંત્રીશ્રી યોગેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા, સીમાબેન મોહિલે, મનીષાબેન વકીલ, મેયર શ્રી કેયુરભાઇ રોકડિયા, સાંસદ શ્રી રંજનબેન ભટ્ટ, ડેપ્યુટી મેયર શ્રીમતી નંદાબેન જોષી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલ તથા શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રદેશ મીડિયા કન્વીનર
ડૉ યજ્ઞેશ દવે